# શહેરમાં સોમવતી અમાસે શિવમંદિરો ભાવિકો છલકાયા






## સોમવતી અમાસે શિવપુજાનુ વિશેષ મહત્વ હોવાથી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો : શિવમંદિરોમાં લઘુરુદ્ર, મહાપુજા અને ભજન સહીત અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો યાજાયા : શ્રાવણ પુરો થતા નગરમાં શ્રીજીની પુજા અર્ચના માટે તડામાર તૈયારી

ગાંધીનગર તા ૨૧

શ્રાવણ માસના અંતિમ દિવસે સોમવતી અમાસ હોવાથી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. નગરના શિવમંદિરોમાં લઘુરુદ્ર સહીત અનેકવિધ ધાર્મિક કાર્યક્મો યોજાયા હતા. બમ બમ ભોલેના જયઘોષ વચ્ચે મંદિરોમાં ભાવિકોની ભીડ જામી હતી. ભોળાનાથ પર દુધ તેમજ જળાભિષેક કરવા ઉપરાંત ભાવિકોએ મહાપુજાનો લાભ લીધો હતો. પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે મંદિરોમાં વિશેષ પુજા ઉપરાંત ભજન તેમજ શિવ મહીમ્મન સ્તોત્રના પાઠનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાત્રિના સમયે પણ મંદિરોમાં ભાવિકોની ભીડ જામી હતી.

પવિત્ર શ્રાવણ મહીનામાં શિવપુજાનુ વિશેષ મહત્વ હોવાથી શ્રાવણ મહીનાના પ્રારંભથી જ ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળતો હતો. નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડા ઉભરાતી જોવા મળી હતી. જયારે શ્રાવણિયા સોમવારે ભોળાનાથની વિશેષ પુજા ભક્તિ કરવાનુ આયોજન પણ નગરના શિવમંદિરોમાં કરવામાં આવ્યુ હતુ. જયારે આ વખતે શ્રાવણ મહીનાના અંતમાં સોમવતી અમાસ હોવાથી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો હતો. નગરના તમામ શિવમંદિરોમાં વિશેષ પુજા ઉપરાંત ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર, સે-૨૧ વૈજનાથ મહાદેવ સે-૪ ઓમકારેશ્વર મહાદેવ સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિરમાં શિવજીની મહાપુજા ઉપરાંત રાત્રિના ભજનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. શહેર નજીક સ્થિત વાસણિયા મહાદેવ મંદિરમાં પણ દર્શનાર્થીઓની ભીડ ઉમટી હતી. જયારે કોટેશ્વર મંદિરમાં પણ ભાવિકોએ વિશેષ સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત સોમવતી અમાસે શિવ મંદિરના નદીકીનારે સ્નાન કરવાનો પણ વિશેષ મહીમાં હોવાથી ભાવિકોએ કોટેશ્વર પાસે સ્નાન કરી ભોળાનાથના દર્શન કર્યા હતા. જયારે સોમવતી અમાસના દિવસે પીપળના વૃક્ષને પાણી ચઢાવવાનુ પણ વિશેષ મહત્વ હોવાથી ભાવિકોની ભીડ જોવા મળી હતી. રાત્રિના સમયે પણ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા. શિવજીને પણ અદભુત શણગાર કરવામાં આવ્યા હતા. શિવમંદિરોના શ્રૃંગાર દર્શન કરવા માટે પણ ઉત્સુકતા જોવા મળી હતી. શ્રાવણ માસના અંતિમ દિવસે નગરમાં શિવભકિતના લીધે અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી. જયારે શ્રાવણ માસના અંતે હવે ગણેશજીની પુજા અર્ચના માટે નગરજનો ઉત્સુક બન્યા છે. નગરમાં વરસાદી માહોલ વચ્ચે ભાવિકો ગણેશોત્સવની ઉજવણી માટે પુર્વતૈયારી આરંભી દીધી છે.








**સ્વાઈન ફ્લુ નિવારણ માટે આયુર્વૈદિક ઉકાળા વિતરણ કાર્યક્રમ**

રાજયમાં સ્વાઈન ફ્લુનો રોગ વકર્યો હોવાથી ગાંધીનગર ભાજપ કાર્યકર્તાઓ દ્વારા વોર્ડ નં. ૧ થી ૮માં આયુર્વૈદિક ઉકાળા વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ જેનો ગાંધીનગરની નાગરીકોએ ખૂબ મોટા પ્રમાણમાં લાભ લીધો અને હજુ પણ આ ઉકાળા વિતરણ આગામી દિવસોમાં ચાલુ રાખવામાં આવશે અને તેનો લાભ લેવા નાગરિકોને વિનંતી છે.

# મનપા મુક્તિધામ ખાતે સ્ટાફ ક્વાટર્સ બનાવી રિનોવેશનની કામગીરી પણ કરશે

## ૨૩મીએ સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્તને બહાલી અપાશે : આદિવાડામાં સી.સી. રોડની પણ દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૩૦માં આવેલ મુક્તિધામ ખાતે શેડના રિપેરીંગ, મૂર્તિઓના રિપેરીંગ તેમજ ત્યાંના કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાટર્સની સુવિધા ઉભી કરવામાં આવશે.

આગામી ૨૩મીના રોજ મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગેની દરખાસ્તને બહાલી આપવામાં આવશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે આ માટે રૂ. ૬૮.૪૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

સ્થાયી સમિતિની બેઠકમાં આદિવાડા ગામમાં આરસીસીના રોડ બનાવવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત મનપા દ્વારા ભીના અને સુકા કચરા માટે ખાસ ડસ્ટબીન ખરીદવા અંગેનો પણ નિર્ણય લેવામાં આવશે. કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી પ્લાસ્ટીકની ખુરશીઓ ખરીદવા માટેની પણ દરખાસ્ત સ્થાયી સમિતિની બેઠકમાં રજુ કરવામાં આવશે. ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં અન્ય વિકાસના કામો પણ હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

## પર્યુષણ પર્વ

**પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી**

### પાંચમો દિવસ

### જીનીયસ બાળક જન્મવાની ટીપ્સ આજે કલ્પસુત્રોમાંથી સાંભળવા મળે છે

આપણે ત્યાં હંમેશા એવું થાય છે કે કોઈ બહુ મોટા પ્રસંગની પાછળ નાના પ્રસંગની સ્મૃતિ વિશ્રય જાય છે પણ ઘણીવાર એ નાના પ્રસંગો એટલા બધા મહત્વના હોય છે કે આપણા આ જીવનને ખુબ જ ઉપયોગી થાય. પર્યુષણનો પાંચમા દિવસનો મુખ્ય પ્રસંગ ચૌદ સ્વપ્ર દર્શન અને ભગવાન મહાવીરના જન્મ વાંચનનો છે. ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો એમ કલ્પસુત્રમાં પાઠ આવે તેનું વાંચન ગુરુ ભગવંત કરે ત્યારે ઉપસ્થિત હજારો જૈનો શ્રીફળ વધેરીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ શ્રીફળ વધેરવા પાછળ પણ રિઝન છે કે આ દ્વારા જૈન વ્યક્તિએ ભાવ સુચિત કરે છે. ભગવાન આજે તારા નામ પર શ્રીફળ વધેર્યુ એમ કાલે મારું મસ્તક પણ વધેરવા તૈયાર રહીશું. સમગ્ર ભારતમાં તમામ જૈન સંઘોમાં આજના દિવસે ચિક્કાર ભીડ હોય છે. આજના આ મહાવીર જન્મના વાંચનને કોઈ વ્યક્તિ છોડતો નથી પણ આપણી રીતભાત એ હતી કે આ બધુ તો બપોરના સમયે થાય છે. આજના દિવસે સવારના પ્રવચનમાં ખુબ જ મહત્વની વાત એ આવે છે કે ભગવાન મહાવીરના માતા ત્રિશલાદેવીએ પોતાના બાળક મહાવીરને ગર્ભમાં કેવી રીતે જાળવ્યો ? કેવી રીતે જતન કર્યુ ? એક વાત સમજવા જેવી છે કે ગર્ભમાં બાળક પર જેવી સંસ્કારની છાપ પડે છે એવો જ બાળક તૈયાર થાય છે. જે માતા બાળક ગર્ભમાં હોય ત્યારે અશ્લિલ દ્રશ્યો જોઈ જોઈને મર્યાદા બહાર પગ મુકે છે તેના બાળક સજ્જન બને જ કેવી રીતે ?




આ સિવાય ગર્ભાવસ્થામાં માતાએ કેવું ખાવું ? કેવું જોવું ? કેટલુ ચાલવું ? વગેરે બાબતો પણ આ પ્રવચનમાં જણાવાય છે. આ રીતે ગર્ભાવસ્થામાં જીવન જીવનારી માતા જીનીયસ બાળકની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત એક સરસ વાત આ પ્રવચનમાં આવે છે કે ભગવાન મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવીને તેમના કુળની વૃદ્ધ સ્ત્રીઓ ગર્ભાવસ્થામાં કેવી રીતે રહેવાનું એ સંબંધી સુચનાઓ આપે છે. સમજી શકાય એવી વાત છે કે ત્રિશલામાતા સાંભળતા અને સ્વીકારતા હશે તો જ આવી સારી સુચનાઓ તેઓ આપતા હશે. અર્થાત વૃદ્ધની વાત માનવીએ આપણી ઉજ્જવળ કારકિર્દી માટે જરૂરી બાબત છે.

# માતા ભણેલી હશે તો બાળકોનું શિક્ષણ સુધરશે

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ સર્વેનું રસપ્રદ તારણ

ગાંધીનગર, તા. ૨૧

બાળકોનું શિક્ષણ એ આજના યુગમાં મા-બાપ માટે સૌથી વધુ ચિંતાનો વિષય બન્યું છે. કારણ કે દિન પ્રતિદિન સ્પર્ધાત્મકતા વધતી જાય છે. આ સ્થિતિમાં બાળકોના શિક્ષણ પર કેવા પરિબળો અસર કરે છે તે જાણવું દરેક મા-બાપ માટે જરૂરી બન્યું છે. ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ સંશોધન મુજબ બાળકોના ભણતરની બાબતમાં માતાનું શિક્ષણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે તેથી આગામી સમયમાં જો આપણે નવી પેઢીને ઉચ્ચ શિક્ષણથી શિક્ષિત કરવી હશે તો અત્યારથી મહિલા શિક્ષણને મહત્વનું સ્થાન આપવું પડશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ સંશોધન મુજબ પરિવારના વાતાવરણની બાળકના શિક્ષણ પર અસર થાય છે. ડૉ. મિનલબા જાડેજા દ્વારા હાથ ધરાયેલ સંશોધન દરમિયાન જાણવા મળ્યું કે જે પરિવારનું શૈક્ષણિક વાતાવરણ યોગ્ય હોય તે પરિવારના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ વધુ હોય છે. સંશોધનમાં પરિવારના સભ્યની ભૂમિકા પણ તપાસવામાં આવી હતી. જેમાં માતાનો રોલ મહત્વનો પુરવાર થયો છે. જે પરિવારમાં માતા શિક્ષિત હોય તે પરિવારના બાળકો અભ્યાસમાં વધારે તેજસ્વી જોવા મળ્યા હતા. વધુમાં જે પરિવારમાં પિતા શિક્ષિત હોય તે પરિવારના બાળકો વધુ તેજસ્વી હોય જ તેવું જોવા નહોતું મળ્યું. અર્થાત ભણેલી દીકરી બે ઘર તારેની કહેવતને સાર્થક કરતા સંશોધનના પરિણામ જોવા મળ્યા હતા. રૂઢિચુસ્ત પરિવારો દીકરીના શિક્ષણમાં વિશ્વાસ ધરાવતા નથી ત્યારે આ સંશોધન દર્શાવે છે કે પરિવારના ઉત્થાન માટે મહિલાઓનું શિક્ષણ ખૂબ જ જરુરી છે. સંશોધનમાં પરિવારના શૈક્ષણિક વાતાવરણ અને બાળકની સિદ્ધિ વચ્ચે હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો. જે ઘરનું શૈક્ષણિક વાતાવરણ સારું તે ઘરના બાળકો અધ્યયનમાં વધારે તેજસ્વી જોવા મળ્યા હતા. પરિવારના વાતાવરણને શૈક્ષણિક બનાવવા માટે કેટલાક સૂચનો પણ સંશોધન દરમિયાન મળી શકયા હતા. જેમાં ઘરમાં પુસ્તકો વસાવવા, બાળકોને વાર્તા કહેવી, નકશા, ચાર્ટ જેવા શૈક્ષણિક સાધનો વસાવવા, રોજબરોજની ક્રિયામાં છુપાયેલ વિજ્ઞાનની બાળકને સમજ આપવી, સમૂહ વાંચન કરવું જેવી બાબતોથી ઘરનું વાતાવરણ, શૈક્ષણિક બની શકે છે. આવા પ્રયત્નો દ્વારા બાળ વિકાસના દિવ્ય કાર્યને વધુ વેગ આપી શકાય.

# જેસીઆઈ નેશનલ ટ્રેનર્સે વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધાર્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સે-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે જેસીઆઈ દ્વારા યુથ એમ્પાવરમેન્ટ અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા બે યુવા વ્યકિતત્વ વિકાસ લક્ષી કાર્યક્રમો યોજાયા હતા. જેસીઆઈ ઈન્ડિયાના નેશનલ ટ્રેનર્સ ચંદ્રમપ્પા તથા સત્યનારાયણ રાવે યુવા વિદ્યાર્થીઓને ગ્રુમીંગ, ટાઈમ મેનેજમેન્ટ તથા ગોલ સેટિંગ જેવા વિષયે તાલીમ આપી હતી.

આજના વિદ્યાર્થીઓમાં પ્રતિભા ખૂબ છે પરંતુ આત્મવિશ્વાસનો અભાવ હોવાની સમસ્યા તેમને સતાવી રહી છે. જેસીઆઈ આયોજિત સેમિનારથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો સંચાર થતો જોવા મળ્યો હતો અને



વિદ્યાર્થીઓ આત્મબળનું મહત્વ સમજી જીવનમાં તેના આધારે આગળ વધવા મકકમ બન્યા છે. સેમિનારમાં કોલેજના ડૉ. દિલીપ ઓઢેદરા તથા ડૉ. વાય.એસ. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જેસીઆઈ ગાંધીનગર પ્રમુખ ડૉ. પરાગી ગાંધીનો આ તબક્કે કોલેજના આચાર્ય ડૉ. કમલ છાયાએ યુવા વિદ્યાર્થીઓને ઉપયોગી કાર્યક્રમ યોજવા બદલ આભાર માન્યો હતો.



મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે નવનિયુક્ત રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદની રાષ્ટ્રપતિ ભવનમાં મુલાકાત લઈને તેમને શુભકામનાઓ પાઠવી હતી. રાષ્ટ્રપતિ પદે શ્રી રામનાથ કોવિંદની નિયુક્તિ બાદ શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈએ પ્રથમવાર તેમને મળીને ગુજરાત વતી શુભેચ્છાઓ આપી હતી.

# આજે કૈલાસયાત્રીઓનો અભિવાદન સમારોહ

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય સંસ્કૃતિની અતિ પ્રાચીન, પવિત્ર અને પાવનકારી કૈલાસ માનસરોવર યાત્રા પરિપૂર્ણ કરનાર ગુજરાતના ભાગ્યશાળી યાત્રિકોનો અભિવાદન સમારોહ આવતીકાલ તા. ૨૨ ઓગસ્ટ-૨૦૧૭ને મંગળવારના અમદાવાદ ખાતે યોજાશે એમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા પસંદગી પામીને વર્ષ ૨૦૧૫-૧૬માં યાત્રા પરિપૂર્ણ કરનાર યાત્રિકોને રાજ્યના રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે સ્મૃતિચિન્હ તથા ચેક અર્પણ કરી પ્રોત્સાહિત કરાશે. આ પ્રસંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી અને ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવ પણ ખાસ ઉપસ્થિત રહેશે તો, યાત્રિકોને પ્રોત્સાહિત કરવા માટે નાગરિકોને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ છે તેમ વધુમાં જણાવાયું છે.